# ચરોતરમિત્ર


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩




આણંદ જિલ્લામાં 'બેક ટુ સ્કૂલ' અભિયાનમાં 98.35 ટકા કાઉન્સિલિંગ પૂર્ણ થયું : ગરીબી અને સ્થળાંતર વચ્ચે જાગૃતિનો અભાવ મોટો પડકાર

# આણંદમાં 10 હજાર વાલીએ સંતાનોને ભણાવવાની ના પાડી!

**શિક્ષણ વિભાગની** ટીમો ગલીએ-ગલીએ ફરી 18,944 બાળકો સુધી પહોંચી



(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદ જિલ્લામાં શિક્ષણનો વ્યાપ વધારવા અને શાળા છોડી ગયેલા બાળકોને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા 'બેક ટુ સ્કૂલ' અભિયાન વેગવંતું બનાવવામાં આવ્યું છે. કલેક્ટર પ્રવિણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીના માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં ધોરણ 1 થી 10 ના કુલ 19,262 ડ્રોપઆઉટ બાળકોમાંથી 18,944 બાળકોનું કાઉન્સિલિંગ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, જે કુલ લક્ષ્યાંકના 98.35 ટકા છે. જોકે, સર્વે દરમિયાન ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે 10,424 વિદ્યાર્થીઓના વાલીઓએ તેમના બાળકોને ફરીથી ભણાવવા માટે સ્પષ્ટ ઈનકાર કર્યો છે, જે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

આ સર્વે દરમિયાન જાણવા મળ્યું છે કે ગરીબી, પરિવારની નબળી આર્થિક સ્થિતિ અને સતત થતા સ્થળાંતરને કારણે બાળકો અભ્યાસ છોડી રહ્યા છે. અનેક પરિવારોમાં જાગૃતિના અભાવે બાળકોને ભણાવવાને બદલે મજૂરી કે અન્ય કામમાં લગાડી દેવામાં આવે છે. આ સ્થિતિને પહોંચી વળવા શિક્ષણ વિભાગની ટીમો વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવી રહી છે.

આણંદ જિલ્લા શિક્ષણ વિભાગની ટીમો સ્લમ વિસ્તારો, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, કન્સ્ટ્રક્શન સાઈટ અને રિમાન્ડ હોમ જેવા સ્થળોએ પહોંચીને બાળકોને શોધી રહી છે. ખાસ કરીને ધોરણ 5, 8 અને 10 પછી ડ્રોપઆઉટનું પ્રમાણ વધુ જોવા મળતા વિભાગે હવે 'ટ્રેકિંગ સિસ્ટમ' અમલી બનાવી છે. 31મી મે સુધી ચાલનારા આ અભિયાનમાં બાકી રહેલા બાળકોને પણ આવરી લેવા જિલ્લા શિક્ષણાધિકારી કામીનીબહેન આચાર્ય અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અર્ચનાબેન પ્રજાપતિએ મક્કમતા દર્શાવી છે.

આણંદ જિલ્લા શિક્ષણ વિભાગે ડેટા એકત્રીકરણ અને ટ્રેકિંગમાં પ્રશંસનીય કામ કર્યું છે, પરંતુ 3104 બાળકોને ફરી પ્રવેશ અપાવવાની કામગીરી સામે 10,424 વાલીઓનો ઈનકાર કરતાં શિક્ષણ વિભાગને હવે 'કાઉન્સિલિંગ' થી આગળ વધીને સામાજિક આગેવાનો અને સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સહયોગથી વધુ આક્રમક જનજાગૃતિ લાવવી પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ સર્વે હજુ 31મી મે સુધી ચાલનાર છે, એટલે પ્રવેશ માટે વધારો થઈ શકે તેમ છે.

### શિક્ષણ વિભાગ સામે અનેક પડકારો

**વહીવટી સફળતા વિરુદ્ધ સામાજિક અવરોધઃ** શિક્ષણ વિભાગે 98.35% કાઉન્સિલિંગ પૂર્ણ કરીને નોંધપાત્ર કામગીરી કરી છે. પરંતુ, ઓડિટરી દ્રષ્ટિએ જોઈએ તો સૌથી મોટો અવરોધ 'વાલીઓની માનસિકતા' છે. જ્યારે 19,262 માંથી 10,424 વાલીઓ શિક્ષણ માટે ના પાડે છે, ત્યારે તે સાબિત કરે છે કે માત્ર સરકારી યોજનાઓ પૂરતી નથી. સામાજિક સ્તરે માનસિક પરિવર્તનની તાતી જરૂર છે.

**ચાઇલ્ડ લેબરનો છૂપો પ્રશ્નઃ** અધિકારીઓના મતે વાલીઓ બાળકોને કામમાં લગાડી દે છે. આ માત્ર શિક્ષણનો પ્રશ્ન નથી પણ 'ચાઇલ્ડ લેબર' સાથે પણ જોડાયેલો મુદ્દો છે. શિક્ષણ વિભાગની સાથે લેબર ડિપાર્ટમેન્ટે પણ આંકડાઓનું વિશ્લેષણ કરવું જરૂરી જણાય છે.

**લીકેજ પોઈન્ટ્સનું આઈડેન્ટિફિકેશનઃ** રિપોર્ટ મુજબ, ડ્રોપઆઉટ રેશિયો ધોરણ 5, 8 અને 10 પછી વધે છે. આ એવા તબક્કા છે જ્યાં પ્રાથમિકથી ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં સંક્રમણ થાય છે. આ સ્તરે વિદ્યાર્થીઓ અભ્યાસ ન છોડે તે માટે વિભાગે 'ટ્રેકિંગ સિસ્ટમ' તો બનાવી છે, પરંતુ તેનું ઓડિટ સૂચવે છે કે આ ટ્રેકિંગ કાયમી ધોરણે હોવું જોઈએ, માત્ર અભિયાન પૂરતું નહીં.

**સ્થળાંતરિત મજૂર પરિવારોનો પ્રશ્નઃ** કન્સ્ટ્રક્શન સાઇટ અને ઈંટોના ભઠ્ઠા જેવા વિસ્તારોમાં મજૂર પરિવારોના બાળકો શિક્ષણથી વંચિત રહે છે. 1775 બાળકો જિલ્લા કે રાજ્ય બહાર સ્થળાંતર કરી ગયા છે, જેમને ટ્રેસ કરવા મુશ્કેલ છે. આ બાબત આંતર-જિલ્લા સંકલનની જરૂરિયાત તરફ આંગળી ચીંધે છે.

## આણંદ : ઢોર પકડવા ગયેલા મનપા કર્મચારી પર હુમલો

**તુલસી** ગરનાળા પાસે લાકડી વડે મારવા દોડતા ત્રણ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૨

આણંદમાં રખડતા ઢોર પકડવાની ઝુંબેશ દરમિયાન કરમસદ-આણંદ મહાનગરપાલિકાના કર્મચારીની ફરજમાં રુકાવટ કરી, અપશબ્દો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. આ શખસોએ મનપાની ટીમે પકડેલી ગાયોમાંથી એક ગાય જબરદસ્તી છોડાવી લીધી હતી.

કરમસદ-આણંદ મનપામાં દબાણ નિરીક્ષક તરીકે ફરજ બજાવતા સાગરકુમાર કિરીટભાઈ શર્માએ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવી છે. ૨૧મી મે, ૨૦૨૬ના રોજ સવારે ૦૮:૨૦ વાગ્યાની આસપાસ તેઓ પોતાની ટીમ અને ખાનગી કોન્ટ્રાક્ટના માણસો સાથે તુલસી ગરનાળા પાસે રખડતા ઢોર પકડવાની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન ટીમે રસ્તા પરથી ત્રણ ગાયો પકડીને લોખંડના ટ્રેલરમાં ભરી હતી.

આ સમયે આરોપી નીલકુલભાઈ નારણભાઈ ભરવાડ તથા અન્ય બે અજાણ્યા શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા અને સરકારી કર્મચારીઓ સાથે જીભાજોડી કરી બિભત્સ ગાળો આપી હતી. નીલકુલભાઈએ હાથમાં લાકડી લઈને કર્મચારીને મારવા માટે ઉગામી ડર પેદા કર્યો હતો અને પકડાયેલી ગાયો પૈકી એક ગાય બળજબરીપૂર્વક ટ્રેલરમાંથી છોડાવી ગયા હતા. આણંદ ટાઉન પોલીસે આ મામલે વિવિધ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદમાં રખડતા ઢોરનો કાળો કેર : મનપાની ઘોર બેદરકારી ઉઘાડી પડતાં રોષ

# નડિયાદમાં ગાયે માતા અને પુત્રને શીંગડે ચડાવતાં ગંભીર રીતે ઘવાયાં

**ઢોર પકડવાની** એજન્સી અને માલિકોની જુગલબંધીમાં નિર્દોષના જીવ જોખમમાં મુકાયાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ હવે જીવલેણ સ્તરે પહોંચ્યો છે. શહેરની ગીતાંજલિ સોસાયટીમાં તાજેતરમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનામાં, ભૂમિબેન જીગર પટેલ અને તેમના ૪ વર્ષના પુત્ર પર એક ગાયે જીવલેણ હુમલો કર્યો હતો. પાછળથી ધસી આવેલી લાલ રંગની ગાયે બાળકને હવામાં ફંગોળ્યો હતો અને તેને બચાવવા વચ્ચે પડેલા માતાને પણ લાંબા સમય સુધી બાનમાં લઈ માર માર્યો હતો. આ હુમલામાં માતા-પુત્રને છાતી, પીઠ અને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયા છે.

નડિયાદ હવે રખડતા પશુઓની ચરાગાહ બની ગયું છે, જેની પાછળ મહાનગરપાલિકાની લાલિયાવાડી જવાબદાર હોવાનું જણાય છે. ઢોર પકડવા માટે લાખોના ખર્ચે એજન્સીઓ રોકવામાં આવી છે, પરંતુ આ એજન્સીના કર્મચારીઓ પશુ માલિકો સાથે મીલીભગત કરી જાહેર માર્ગો પર ચાની ચુસકીઓ મારતા નજરે પડે છે. હાઈકોર્ટના આકરા વલણ છતાં ડેપ્યુટી કમિશ્નર સ્તરના અધિકારીઓ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી, જે સીધી રીતે અદાલતના આદેશોની અવમાનના છે.

રાજ્ય સરકારની ઢોર પોલિસી હેઠળ ફરજિયાત લાયસન્સ, RFID ટેગિંગ, માઈક્રોચિપ અને જાહેર માર્ગો પર ઘાસચારો વેચવા પર પ્રતિબંધ જેવા કડક નિયમો હોવા છતાં નડિયાદમાં આ નિયમો અભેરાઈ પર ચડાવી દેવાયા છે. પશુઓની ગણતરી કે ટેગિંગની કામગીરીમાં તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે.

### સોસાયટીઓમાં માલિકોની દાદાગીરી

નડિયાદના ફતેપુરા રોડ જેવા વિસ્તારોમાં પશુપાલકો વહેલી સવારથી જ ૧૦થી ૧૨ ઢોરોનાં ટોળાં ચરવા માટે સોસાયટીઓમાં છોડી દે છે. સાંકડી ગલીઓમાં રમતા બાળકો પર સતત જોખમ તોળાઈ રહ્યું છે, છતાં તંત્ર દંડાત્મક પગલાં લેવાને બદલે વામણું પુરવાર થઈ રહ્યું છે. બીજી તરફ, અગાઉ આ મુદ્દે મોટી વાતો કરતા સામાજિક કાર્યકરો પણ હવે રહસ્યમય રીતે મૌન સેવી રહ્યા છે. સ્થાનિક રહીશોમાં આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## નડિયાદમાં સાસરિયાંએ પરિણીતા પર ત્રાસ ગુજાર્યો

**દહેજ અને** પિયરમાં વાત કરવા બાબતે પતિએ ઢોર માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદની પરિણીતાને દહેજ બાબતે મહેણાં મારી, પિયરમાં ભાઈઓ સાથે વાત કરવા જેવી નજીવી બાબતે પતિ અને સાસુ-સસરા દ્વારા ત્રાસ આપી માર મારવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પેટલાદના સુણાવ રોડ પર રહેતી ૨૯ વર્ષીય ભીગીશા પરમારના લગ્ન વર્ષ ૨૦૧૮માં નડિયાદના નીતિન પરમાર સાથે પ્રેમલગ્ન થયા હતા અને તેમને એક વર્ષનો પુત્ર પણ છે. જોકે, લગ્નના પ્રથમ દિવસથી જ પતિ દ્વારા સામાન્ય બાબતોમાં મારઝૂડ જેવી હિંસક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૯માં બીમારી બાદ પતિ નીતિને કામકાજ છોડી દીધું હતું અને સ્વસ્થ થયા છતાં તે ઘરે જ બેસી રહેતો હતો. પત્ની જ્યારે તેને નોકરી કરવા માટે સમજાવતી ત્યારે તે ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરી મારઝૂડ કરતો હતો. આ પારિવારિક કલેશમાં સાસુ ભારતી અને સસરા ભૂપેન્દ્ર પણ દીકરાનો પક્ષ લેતા હતા અને 'વહુ દહેજમાં કંઈ લાવી નથી' તેમ કહી તેની પાસે નોકરાણીની જેમ કામ કરાવતા હતા. તેમાંય તાજેતરમાં ભીગીશાએ પોતાના પિયરમાં ભાઈઓ સાથે ફોન પર વાતચીત કરી હતી, જે તેના પતિને પસંદ ન પડતા તેણે ઉશ્કેરાઈ જઈને પત્નીને ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો. અગાઉ બે વખત ત્રાસથી કંટાળી પિયર ગયા બાદ પરત આવેલી પરિણીતાએ આખરે હિંમત દાખવી નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે પતિ અને સાસુ-સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### વડતાલ ધામમાં 'સત્સંગી જીવન કથા' પારાયણનો ભવ્ય પ્રારંભ





વડતાલ ધામમાં અધિક માસના પવિત્ર અવસરે શ્રીમદ સત્સંગી જીવન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. માણસાના યજમાન હિંમતભાઈ લાલજીભાઈ ગોંડલીયા અને સહ પરિવાર દ્વારા આયોજિત આ કથાનો પ્રારંભ થયો છે, જે તા. 27 મે સુધી ચાલશે. આ કથાના વક્તા પદે સરધારના પૂર્ણ સ્વરૂપ દાસજી સ્વામી બિરાજીને ભક્તોને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. વડતાલ મંદિરના સભા મંડપમાં કથાનો સમય સવારે 8:30 થી 11:30 અને બપોરે 3:30 થી 6:30 સુધીનો રાખવામાં આવ્યો છે. વિશેષમાં, તા. 25 મેના રોજ રાત્રે 9:00 કલાકે 'ઘર સભા'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સદગુરુ શ્રી નિત્ય સ્વરૂપ દાસજી સ્વામી કથાનું રસપાન કરાવશે. આ સમગ્ર આયોજન વડતાલ ધામના ચેરમેન શાસ્ત્રી ડો. સંત વલ્લભદાસજી સ્વામી તથા મુખ્ય કોઠારી દેવપ્રકાશ દાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે.

## વીરપુર પિતાતૂલ્ય સસરાએ પુત્રવધૂ પર દૂષ્કર્મ ગુજાર્યું

**વીરપુર** પોલીસે સસરા વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૨

મહિસાગર જીલ્લાના વીરપુર તાલુકાની એક ગામની સીમમાં પિયરથી પરત આવી રહેલી ૨૦ વર્ષીય પુત્રવધૂને રક્ષણ આપવાને બદલે સસરાએ જ પોતાની હવસનો શિકાર બનાવી હોવાની વિગતો પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી ગઇ હતી.

આ અંગે મળતી માહિતી મુજબ, આ કેસમાં ફરિયાદી ૨૦ વર્ષીય પુત્રવધુ પોતાના પિયરમાં હતી. તેના ૪૫ વર્ષીય સસરા તેને પિયરથી તેડવા માટે ગયા હતા. પિયરથી સાસરીમાં પરત ફરતી વખતે રસ્તામાં આવતી એક હોસ્પિટલના પાછળના ભાગે ખેતર પાસે સસરાની દાનત બગડી હતી. ગઈ 12મી મેના રોજ સાંજના આશરે સાડા સાત વાગ્યાના સુમારે સસરાએ ખેતરમાં લઈ જઈ પુત્રવધૂની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. એટલું જ નહીં, આ નરાધમે પીડિતાને ધમકી પણ આપી હતી કે, જો તું કોઈને આ વાત કહીશ તો તને છોડીશ નહીં.

આ ધમકી અને સામાજિક ડરને કારણે પીડિતા થોડા દિવસ મૌન રહી હતી, પરંતુ આખરે હિંમત ભેગી કરી તેને પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા.આ મામલે પીડિતાએ પોતાના સસરા વિરુદ્ધ વીરપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે બળાત્કાર અને ધમકી આપવા બદલ ગુનો નોંધી સસરાની ધરપકડ કરી હતી. એક તરફ પિતૃવત સસરા દ્વારા પુત્રવધૂ પર થયેલા આ અત્યાચારે સ્થાનિક પંથકમાં ભારે રોષ જન્માવ્યો છે.

## એસટી નિગમમાં આઉટસોર્સિંગથી ભરતી કરવાના નિર્ણય સામે વિરોધ

**કાયમી ભરતીની** મંજૂરી છતાં ખાનગી એજન્સીઓને ફાયદો કરાવવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.22

ગુજરાત એસટી નિગમ દ્વારા ડ્રાઈવર અને કંડક્ટરની ખાનગી એજન્સીઓ મારફતે કોન્ટ્રાક્ટ બેઝ પર ભરતી કરવાના નિર્ણય સામે ગુજરાત એસટી મઝદૂર મહાસંઘે આક્રમક વલણ અપનાવ્યું છે. ખેડા જિલ્લા સહિત રાજ્યમાં આ નિર્ણયનો વિરોધ નોંધાવતા 'નિગમ બચાવો' અભિયાન અંતર્ગત તબક્કાવાર આંદોલન કરવાની જાહેરાત કરી છે.

આ અંગે સંગઠનનો આક્ષેપ છે કે, સરકાર તરફથી ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિકની કાયમી ભરતી માટે મંજૂરી મળી ગઈ હોવા છતાં, કેટલાક અધિકારીઓ





પોતાના મળતિયાઓને આર્થિક ફાયદો કરાવવા માટે જાણી જોઈને ખાનગીકરણ તરફ દોરી સંચાર કરી રહ્યા છે. ગત 8મી મેના રોજ ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં લેવાયેલા આઉટસોર્સિંગના નિર્ણયની મિનિટ્સ સામે પણ સંગઠને સખત વાંધો ઉઠાવ્યો છે.

આ અંગે મઝદૂર સંઘના જણાવ્યા અનુસાર, ડ્રાઈવર અને કંડક્ટર નિગમને કમાણી કરી આપે છે, પરંતુ પ્રાઈવેટ એજન્સીઓને કરોડો રૂપિયા ચૂકવવાના કારણે નિગમ ખોટ કરી રહ્યું છે. આ ઉપરાંત, નફાકારક એક્સપ્રેસ રૂટો પર પણ ખાનગી બસો ભાડે રાખીને નિગમને આર્થિક નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું જણાવાયું છે.

મુસાફર જનતા અને કર્મચારીઓના હિતમાં આ નિર્ણય તત્કાલ રદ કરવાની માંગ સાથે સંગઠને ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાનું નક્કી કર્યું છે.

# ખેડામાં ૧૦૮ની ટીમે જિંદગી - મોતની જંગ જીતી, માતા-બાળકને મળ્યું નવજીવન

**જન્મ બાદ** ન રડતા નવજાતને સેક્શન આપી શ્વાસ પાછા લાવ્યા

(પ્રતિનિધિ) ખેડા, તા.૨૨

ખેડા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફની સમયસૂચકતા અને માનવીય અભિગમને કારણે રસ્તા પર એક મોટો અકસ્માત ટળ્યો છે અને એક નવું જીવન દુનિયામાં આવ્યું છે. ખેડા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલથી અમદાવાદ રીફર કરાઈ રહેલી સગર્ભા મહિલાને રસ્તામાં જ અચાનક પ્રસૂતિની પીડા ઉપડતા ૧૦૮ના સ્ટાફે રસ્તા પર જ સુરક્ષિત ડિલિવરી કરાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ખેડા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે એક સગર્ભા મહિલા સારવાર હેઠળ હતી, જેમને આઠમો મહિનો ચાલતો હતો અને બ્લડ પ્રેશર (BP) ઘણું વધારે હોવાથી સ્થિતિ ગંભીર જણાતી હતી. વધુ સારવાર માટે તેમને તાત્કાલિક અમદાવાદની ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જોકે, ખેડાથી માત્ર ૪ કિલોમીટર દૂર વડાલા પાટિયા નજીક પહોંચતા જ પેશન્ટને અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. એમ્બ્યુલન્સના પાયલોટ યોગેશભાઈ ખડાયતાએ ગાડી સાઈડમાં ઊભી રાખી હતી. તપાસ કરતા બાળકનું માથું દેખાતા EMT ભરત મકવાણાએ તુરંત નિર્ણય લીધો કે હોસ્પિટલ પહોંચવું શક્ય નથી અને ડિલિવરી એમ્બ્યુલન્સમાં જ કરવી પડશે.

આ કેસ અતિ જોખમી હોવાથી EMT ભરત મકવાણાએ તાત્કાલિક હેડ ઓફિસના ડો. રૂચિ મેડમ સાથે બે વાર વાત કરી હતી. ડોક્ટરના માર્ગદર્શન હેઠળ જરૂરી દવાઓ આપીને પાયલોટ અને પેશન્ટના સગાની મદદથી એમ્બ્યુલન્સમાં જ સફળ ડિલિવરી કરાવવામાં આવી હતી. જોકે, ડિલિવરી બાદ નવજાત શિશુ રડતું ન હોવાથી સ્ટાફ ચિંતામાં મુકાયો હતો. પરંતુ સ્ટાફે હિંમત હાર્યા વગર તાત્કાલિક સેક્શન મશીનથી સેક્શન કર્યું અને ઓક્સિજન આપ્યું હતું. થોડી જ ક્ષણોમાં બાળકની કિલકારી ગુંજી ઉઠતા સ્ટાફ અને પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.



બાદમાં માતા અને બાળક બંનેને પ્રાથમિક સારવાર આપી સુરક્ષિત રીતે ફરી ખેડા સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતાં. આ ઉમદા અને સમયસરની કામગીરીને કારણે માતા અને બાળક બંનેની તબિયત હાલમાં સારી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225